# સોનાલી દેખાડશે ‘ધ બ્રોકન ન્યૂઝ’નું જગત



વેબસ્ટાર

સોનાલી બેન્દ્રે પણ હવે ઓટીટી પર જોવા મળશે અને આ ન્યૂઝ નથી ‘ધ બ્રોકન ન્યૂઝ-2’ છે. 2016માં ‘ધ બ્રોકન ન્યૂઝ નામની વેબસિરીઝ આવેલી ત્યારે તેણે પ્રેક્ષકોમાં ખાસ રસ ઊભો કરેલો. સોનાલી બેન્દ્રે પ્રથમ વાર એ વેબસિરીઝમાં જોવા મળેલી. એ સિરીઝની પહેલી સિઝન પૂરી થઈ પણ બીજી સિઝન બનતાં ખાસ્સો સમય લાગ્યો. હોય પણ હવે તે ફરી આ મે મહિનાના આ રં ભ થી જોવા મળશે. વિનય વાયકુલ દિગ્દર્શિત આ સિરીઝમાં જયદીપ અહલાવત, શ્રિયા પિલગોવકર પણ છે. ઓટીટી પ્લેટફોર્મ ઝીપ પર આ સિરીઝને એનાઉન્સ કરતો વિડિયો જોયા પછી ઈંતેજારી વધી ગઈ છે. કેપ્શન છે સચ ભી બનેગા સનસની, જબ આયેગે યે તીન આમને સામને ફિર એક બાર.

> મને પોતાને પણ ખબર નહોતી કે ન્યૂઝ ચેનલના જગતમાં શું શું બનતું હોય છે. પ્રેક્ષકો હવે સતત ન્યૂઝ ચેનલો જોતાં હોય છે. તેમની હવે બેકગ્રાઉન્ડ સ્ટોરીનો વધારે ખ્યાલ આવશે

‘ધ બ્રોકન ન્યૂઝ’ બે એકબીજાની સ્પર્ધામાં પડેલા નેટવર્કની આસપાસ ઘૂમે છે અને તેના વડે જ ખબર પડે છે કે પત્રકારત્વના જગતમાં કેવા કેવા જૂઠ કેવી કેવી રીતે ફેલાવવામાં આવે છે.

સોનાલી આવા જ ભારતી નામની સ્વતંત્ર સમાચાર ચેનલની મુખ્ય સંપાદક છે ને તેનું નામ અમીના કુરેશી છે તો સામે છે ‘જોશ 24/7’ નામની ન્યૂઝ ચેનલ જેનો મુખ્ય સંપાદક દીપાંકર સાન્યાલ એટલે કે જયદીપ અહલાવત છે.

સોનાલી હજુ પણ ફ્રેશ દેખાય છે. ક્યારેક ‘સરફરોશ,’ ‘હમારા દિલ આપકે પાસ હૈ, ‘કલ હો ના હો’ જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકેલી સોનાલી આ પહેલાં ‘અજીબ દાસ્તાન હે યે’માં શોભા સચદેવ તરીકે જોવા મળી હતી. ક્યારેક રિયાલિટી શોમાં જોવા મળતી સોનાલી જો કે ‘રસના: ધટે ઓફ લાઈટ’ નામની ફિલ્મમાં પણ હવે જોવા મળવાની છે.

સંજય દત્ત, સલમાન ખાન, આમીર ખાન, શાહરૂખ ખાન સાથે કામ કરનારી આ અભિનેત્રી આજે પણ કેમેરા સામે આવે ત્યારે પોતાની ફ્રેશનેસ સાથે આવે છે. 49 વર્ષની સોનાલી પોતે પણ ન્યૂઝ બની શકે છે કારણ કે ‘દિલ જલે’, ‘મેજરસાબ’, ‘હમ સાથ સાથ હૈ’ ફિલ્મો કાંઈ કમ નહોતી. તેને લગ્ન પછી કેન્સરનો સામનો કરવો પડેલો પછી પાછા ફરવું મુશ્કેલ હતું પણ તે પાછી ફરી અને ‘ઈન્ડિયા ગોટ ટેલેન્ટ’, ‘ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાજ’ જેવા ટી.વી. રિયાલિટી શોની જજ બની. તે ધીરે ધીરે અભિનય તરફ પાછી ફરી છે કારણ કે તે હવે પોતાનાં ગમતાં કામ જ કરવા માંગે છે. 2022માં ‘લવ યુ હંમેશા’ ફિલ્મમાં શિવાની તરીકે દેખાયેલી સોનાલી હવે ‘ધ બ્રોકન ન્યૂઝ’થી ખરેખર ન્યૂઝ બનશે. સોનાલી કહે છે કે મારા માટે આ સિરીઝમાં કામ કરવું એક જુદા સુખનો અનુભવ કરાવે છે. એક વાર ભજવેલું પાત્ર ફરી મારે નવા રૂપે ભજવવાનું છે. આટલાં વર્ષોમાં ઘણું બન્યું છે અને તેથી સિરીઝ એકદમ ઉત્તેજક બની છે.

હકીકતે તો મને પોતાને પણ ખબર નહોતી કે ન્યૂઝ ચેનલના જગતમાં શું શું બનતું હોય છે. પ્રેક્ષકો હવે સતત ન્યૂઝ ચેનલો જોતાં હોય છે. તેમની હવે બેકગ્રાઉન્ડ સ્ટોરીનો વધારે ખ્યાલ આવશે. બસ, ત્રીજી મેથી જ તે ઝી ફાઈવ પર જોવા મળશે.

# ઝોયા અફરોઝની લાઈફમાં કભી કાંટે, કભી રોઝ



ફર્સ્ટ ટેક

ઝોયા અફરોઝે સલમાન ખાન અને આમીર ખાન સાથે કામ કર્યું છે. એવું કહો તો કોઈને યાદ ન આવે પણ આમીર સાથે ‘મન’માં અને સલમાન સાથે ‘હમ સાથ સાથ હૈ’માં તે બાળ કલાકાર તરીકે આવી હતી.

બાળ કલાકારો મોટાં થાય પછી ખોવાઈ જાય છે. ‘કુછ કુછ હોતા હૈ’ની સના સઈદ કયાં છે આજે? ‘બજરંગી ભાઈજાન’ની હર્ષાલી મલ્હોત્રા પણ મોટી તો થઈ છે, પણ ફિલ્મોમાં નથી. પણ ઝોયા બાળપણથી અટકવા નથી માંગતી. તે બાળકલાકાર તો હતી, પણ પછી મિસ ઈન્ડિયા ઈન્ટરનેશનલ 2021ની સ્પર્ધામાં તે ટાઈટલ જીતેલી. જાપાનમાં ‘મિસ ઈન્ટરનેશનલ 2022’માં તેણે ભારતનું પ્રતિનિધિત્વ કરેલું. 2013માં તે મિસ ઈન્ડિયા પણ રહી ચૂકી છે અને તેનો અર્થ એ કે તે પોતાના લક્ષ્ય બાબતે સભાન છે.

લખનૌમાં જન્મેલી ઝોયા મુંબઈની મીઠીબાઈ કોલેજમાં ભણી છે અને હીરોઈન તરીકે કામ શરૂ કરે તે પહેલાં ફેશન મોડલ તરીકે પણ વ્યસ્ત રહી છે. 1998માં તે ‘કોરા કાગઝ’ સિરીઅલમાં આવી હતી અને એડલ્ટ થયા પછી ‘ધ એકસ્પોઝ’ નામની થ્રીલરમાં તે સોનાલી રાઉત, યો યો હની સીંધ સાથે આવી છે. જો કે હિમેશ રેશમીયા એ ફિલ્મનો હીરો હતો અને સોનાલી રાઉત તેની સાથે રોમેન્ટિક ભૂમિકામાં હતી પણ ઝોયા ત્યાર બાદ તમિલ ફિલ્મ માટે કરારબધ્ધ થયેલી અને ‘સ્વીટી વેડ્સ એનઆરઆઈ’માં હિમાંશુ કોહલી સાથે હીરોઈન તરીકે આવેલી. ઝોયાએ તે ફિલ્મની રિલીઝ વખતે કહેલું કે હું આ પ્રકારની ફિલ્મ માટે રાહ જોઉ છું. પછી તેની રાહ જોવી નિષ્ફળ ન ગઈ અને તમિલ ફિલ્મ મળી, વિવાન શાહ સાથે મળી પરંતુ ઝોયા હજુ પોતાનો રસ્તો શોધી રહી છે. તે ઝટ સંતોષ પામે તેવી નથી. અત્યારે અસંતોષ જ હોવો જોઈએ. કેટલાક રિયાલિટી શોમાં ભાગ લઈ ચૂકેલી ઝોયાએ ‘મત્સ્યકાંડ’ ‘મુખબીર: ધ સ્ટોરી ઓફ સ્પાય’ અને ‘ફાયર ફલાઈસ: પાર્થ ઔર જૂગનુ નામની ત્રણ વેબસિરીઝમાં કામ કર્યું છે. તે ખૂબ પ્રવૃત્ત છે એટલે છ એક મ્યુઝિક વિડિયોમાં પણ આવી છે.

ઝોયા એકદમ ગ્લેમરસ લુક ધરાવે છે એટલે યોગ્ય ફિલ્મ મળતાં તેના નવા રંગ જોવા મળશે. અત્યારે 30 વર્ષની થઈ ચૂકેલી ઝોયા હવે મોટા સ્ટાર્સ સાથે સારી ફિલ્મની આશા રાખે છે.

# વિજય વર્માને સકસેસ મુબારક

વિજય વર્મા હવે જે કાંઈ કરે છે તેની પર બધાની નજર રહે છે તેનું કારણ એ છે કે તેણે આટલાં વર્ષ ઘણો સંઘર્ષ કરી પોતાની એક ઈમેજ ઊભી કરી છે. હમણાં તે નાગરાજ મંજુલે દિગ્દર્શિત ‘મટકા કિંગ’માં આવી રહ્યો છે. કદાચ હંસલ મહેતાએ હર્ષદ મહેતાને વેબ સિરીઝમાં હીરો બનાવ્યો પછી ઘણા અંધારી આલમનાં નેગેટિવ પાત્રોની તો નિકલ પડી છે. અલબત્ત, વિજય વર્માનો આમાં કોઈ વાંક નથી. તે તો ‘મિર્ઝાપુર’ ટી.વી. શ્રેણીની નવી સિઝન માટે પણ તૈયાર છે. તેની એક અન્ય વેબ સિરીઝ આવી રહી છે જે કંદહાર હાઈજેક આધારિત છે.

વિજય વર્મા હમણાં ‘મર્ડર મુબારક’ ફિલ્મમાં દેખાયો હતો. નેટ ફલિકસ પર સ્ટ્રીમ થયેલી એ ફિલ્મમાં સારા અલી ખાન સાથે એકદમ ગરમાગરમ દશ્ય હતું. એ ફિલ્મમાં સારા સાથે તેની કેમિસ્ટ્રી જબરદસ્ત રહી હતી. પણ હમણાં વિજયને સતત પ્રશંસા મળવાના દિવસો છે. ચાહે તે ‘ડાર્લિંગ્સ’ અને ‘દહાડ’ની ભૂમિકા હોય કે ‘મિર્ઝાપૂર’ યા ‘જાને જાન’ની ભૂમિકા હોય. હૈદ્રાબાદથી આવેલો વિજય વર્મા એક સમયે નાટકોમાં કામ કરતો હતો. પણ પછી પૂણે ફિલ્મ ઈન્સ્ટિટયૂટમાં જઈ બે વર્ષ સુધી અભિનયની તાલીમ લીધી. રાજ ક્રિષ્નાએ તેને ‘શોર’ નામની શોર્ટ ફિલ્મમાં ભૂમિકા આપી અને પછી ‘ચિત્તાગોંગ’, ‘રંગરેજ’, ‘પિન્ક’થી આગળ વધી ‘ગલી બોય’, ‘સુપર 30’ ફિલ્મો મળતી ગઈ. તેણે વેબ સિરીઝમાં પણ પોતાની જગ્યા શોધી અને ‘એ સુટેબલ બોય’, ‘મર્ઝાપૂર’, ‘ઓકે કમ્પ્યૂટર’, ‘દહાડ’ અને ‘કાલકૂટ’ જેવી સિરીઝનાં પાત્રોએ તેનામાં રહેલા અભિનેતાને નિખારી આપ્યો.

> વિજય વર્મા ફાતિમા સના શેખ સાથે ‘ઉલ જલૂલ ઇશ્ક’માં કામ કરી રહ્યો છે. અમૃતસરમાં તેનું શૂટિંગ ચાલી રહ્યું છે. એ જ રીતે ‘સૂરીયા 43’ નામની ફિલ્મમાં પણ તે માધવન, દલકીર સલમાન, સૂરીમાં સાથે છે

વિજય વર્મા કહે છે કે હું એકના એક પ્રકારની ભૂમિકાઓથી દૂર રહેવા પ્રયત્ન કરું છું. સારી પટકથા અને દિગ્દર્શકોની મને શોધ રહે છે. તે કહે છે કે સારી પટકથા હોય અને દિગ્દર્શક હોય તો ઘણું ઉત્તમ કામ શકય છે. વિજય માટે નકારાત્મક અને હકારાત્મક પાત્રો સરખાં જ છે. તે કહે છે કે અભિનયની શકયતા જેમાં વધારે હોય ને પડકાર અનુભવાતો હોય તે કામ હું પ્રથમ કરું છું.

હમણાં વિજય વર્મા ફાતિમા સના શેખ સાથે ‘ઉલ જલૂલ ઈશ્ક’માં કામ કરી રહ્યો છે. અમૃતસરમાં તેનું શૂટિંગ ચાલી રહ્યું છે. એ જ રીતે ‘સૂરીયા 43’ નામની ફિલ્મમાં પણ તે માધવન, દલકીર સલમાન, સૂરીમાં સાથે છે. અત્યારે 38 વર્ષનો થયેલો વિજય વર્મા હજુ પરણ્યો નથી. હા, તેના તમન્ના ભાટિયા સાથેના સંબંધ ચર્ચાયા છે કારણ કે ‘લસ્ટ સ્ટોરીઝ-2’માં તેઓ સાથે હતા. વિજય કહે છે કે અમે મારવાડી છીએ અને 16મા વર્ષે તો અમારા લગ્ન થઈ જતા હોય છે એટલે મારી મા તો સતત કહે છે કે ક્યારે પરણીશ પણ હજુ મચક આપી નથી.



શો-બાઝ




## અમેરિકામાંય લોકો થિયેટરથી વધુ OTT પ્લેટફોર્મથી ખુશ




ઓટીટી પ્લેટફોર્મ પર લોકો એટલું બધુ જોવા લાગ્યા છે કે હોલીવુડની ફિલ્મ દેખાડનારા થિયેટરો પણ કહે છે કે અમારો ધંધો જોખમમાં છે. ઓટીટી પ્લેટફોર્મ લોકોને ઘર બેઠા સગવડ આપે છે અને તમે તમારા સમયે જોઈ શકો છો. લોકો પાસે હવે થિયેટરમાં જવાનો સમય પણ નથી. એટલે ઓટીટી પ્લેટફોર્મ વધારે વ્યસ્ત થઈ ચૂક્યું છે. ત્યાં હવે ઘણું દિલધડક, રોચક, ઉત્તેજકને વિચારક જોવા મળે છે. ઓટીટી સ્ટ્રીમિંગ થિયેટરોને ભારે પડી રહ્યું છે. કોવિડના સમયે થિયેટરો બંધ થતાં ઓટીટી પ્લેટફોર્મ પર ઘણી રસપ્રદ સામગ્રી સ્ટ્રીમ થવા માંડી હતી. અને આજે તેણે થિયેટરની દુનિયા જ બદલી નાંખી છે. અમેરિકામાં હમણાં થયેલું એક સર્વેક્ષણ કહે છે કે લોકો સ્ટ્રીમીંગ પર જોવું વધારે પસંદ કરવા લાગ્યા છે. અમેરિકાની એક માર્કેટ રિસર્ચ કંપનીએ 1000 પુખ્ત લોકોને પૂછી જોયું તો જાણ્યું કે ફક્ત 34 ટકા લોકો જ થિયેટરમાં ફિલ્મ જોવા માંગે છે. બાકી તો બધા ઓટીટીથી ખુશ છે.

## ‘ટાઈટેનિક’નો દરવાજો છ કરોડમાં વેચાયો



‘ટાઈટેનિક’ ફિલ્મ એવી છે કે જેની વાત શરૂ થતાં બધા તેમાં જોડાય જાય છે. લોકો આજે પણ એ આઈકોનિક લવસ્ટોરીને ભૂલ્યા નથી. જેમ્સ કેમરુન નામના દિગ્દર્શકની એ ફિલ્મમાં કેટ વિન્સલેટ અને લિયોનાર્ડો ડિકેપ્રિયોએ ભજવેલા પાત્ર લોકોના દિલમાં ઊતરી ગયા છે. આ ફિલ્મની કોઈ પણ વાતનો અંત નથી.

હમણાં આ ‘ટાઈટેનિક’માં વપરાયેલો દરવાજો છ કરોડ રૂપિયામાં વેચાયો. ‘ટાઈટેનિક’માં રોઝનો જીવ બચાવનારો એ દરવાજો હકીકતે તો બાલાસાના લાકડામાંથી બન્યો હતો. પણ 27 વર્ષ પહેલાં રિલીઝ થયેલી ‘ટાઈટેનિક’ની દરેક ચીજ સાથે લોકોની યાદો જોડાયેલી છે એટલે દરવાજો છ કરોડમાં વેચાય તે સહજ કહેવાય.

